તારી પાસેથી અમે 'મલાઇ' ખાતાં તો શીખ્યા!
છડે ચોક છેડતી, 'મટકી' ફોડ તો શીખ્યા!
'ભાજી' ખાઇને શીખ્યા વાટાઘાટા કરવાનું -
કેમેરા ગોઠવી સ્નાન દૃશ્યો જોતાં તો શીખ્યા!

લહેરાવ્યું છે
ગુજરાત ગૌરવ -
લાલ-કિલ્લાથી..
(અભિનંદન-ધન્યવાદ)

જાહેરાતોનું
ગુજરાત મોડલ
પહોચ્યું દિલ્હી..
(ધ્વજવંદન ભાષણ)

ચિંતન

સન્તશ્ચેદિહ ગુણ વિન્દવો બુધસ્તાન્સંતુષ્ટઃ કવલયતિ સ્ફુટેઅપિ દોષે ।
સંયુક્તાનપિ પયસઃ કણાન્વિચિન્વન્નમ્ભસ્તો ગ્રસતિ હિ મંગક્ષુ મલ્લકાક્ષઃ ॥

'દૂધના કેટલાંક બૂંદ-ટીપાં ભલેને પાણીમાં પડી ગયા હોય, તો પણ રાજહંસ તેને પાણીથી અલગ કરીને પણ શોધી લે છે અને પી જાય છે તેમ ગ્રંથ-પુસ્તકમાં કોઇ દોષ-ખરાબ કથા-વાત હોય છતાં પણ એમાંથી કેટલીક સારી વાત - સારા વિચાર હશે તે - ગુણરૂપી બિંદુ સમજીને ડાહ્યો-સંતોષી-સદ્‌ગુણીજન તેને પામીને મેળવીને સંતોષ પામે છે.'

આ સંસાર વ્યવહારમાં અનેક રંગી સ્વભાવના ચરિત્રો હોય છે. દરેકમાં કંઇ ને કંઇ સદ્‌ગુણ-આવડત પણ હોય છે અનેક દુર્ગુણો પણ હોય છે સમજુ માણસે 'હકારાત્મક' દૃષ્ટિનો ઉપયોગ કરી એમાંથી 'સારતત્ત્વ' જ શોધી લેવું જોઇએ અને સત્ત્વ ગ્રહણ કરવું જોઇએ.

રાજહંસ દૂધવાળાં પાણીમાંથી દૂધ જ પી લે છે - આખું પુસ્તકમાં કેટલાય લેખ હોય બધા સારા કે વાંચવા લાયક ન પણ હોય પણ ગુણગ્રાહી વાચક એમાંથી સારા લેખો શોધી એનું જ ચયન કરે છે.

સુવિચાર

- બીજા શું કરે છે તેના પર તમારું નિયંત્રણ નથી, ફક્ત એટલું જ નિયંત્રણ છે કે તમે શું કરો છો **- ઓસ્કાર વાઇલ્ડ**
- અહંકાર એ માણસ પાસે જીદ કરાવે... પ્રેમ વ્યક્તિ પાસે જતું કરાવે **- એસ. ભટ્ટાચાર્ય**
- કર્મ સફળતાની ગેરંટી નથી પણ તે સફળતાની તકો ઘણી વધારી આપે છે **- ડો. હોમી ભાભા**
- 'આવતીકાલ' આખા વર્ષમાં આ એક જ દિવસ એવો છે કે જે આળસુ માણસને ખુબ જ ગમે છે **- માનસસૂત્ર**
- જે ત્યાગથી જરાક પણ અભિમાન આવે, તે ત્યાગ નથી... ત્યાગથી શાંતિ મળવી જોઇએ.. અહમનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે **- ઉપનિષદ**
- ફૂલોને ખીલવા દો... મધમાખી એની મેળે ફુલ પર આવશે.. એમ જ ચારિત્ર્યશીલ બનો, વિશ્વાસ જાતે તમારા પર મુગ્ધ થઇ જશે **- તમિલ કહેવત**
- સારા સંબંધો સારા એટલા માટે હોય છે કે કેમ કે તેમાં ગુસ્સો અને પ્રેમ સમપ્રમાણમાં હોય છે **- રમેશ ઓઝા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે સામાજિક પ્રાણી છીએ. ઘરસંસાર-આવક-ખર્ચ, સામાજિક પ્રસંગોની ચિંતા-દોડાદોડી સમયસર પહોંચવાની ઉપાધિ - એમાં કયારે પૂનમ છે અમાસ છે આકાશમાં ટમટમતા તારા જોવાની ફૂરસદ કોને-કયાંથી હોય?

એક મહાત્મા જંગલના એક ખૂણે આવેલા સમુદ્રકાંઠે ઝૂંપડી બનાવી રહેતા હતા. એક પત્રકારને કોઇએ આ વાત કરી. 'સ્ટોરી' મળવાની લાહ્યમાં એનો 'ઇન્ટરવ્યુ' લેવા પત્રકાર ત્યાં પહોંચ્યો.

સાંજ સુધી સાથે રહ્યો. ફળફુલ ખાધાં - નારિયેળનું પાણી પીધું. સમુદ્ર કાંઠે ફર્યો. અંતે કંટાળ્યો. જતાં જતા મહાત્માને પુછ્યું, 'તમને આ જંગલ અને સમુદ્રને કાંઠે એકલું અને એકધારું જીવન જીવતા કંટાળો નથી આવતો?'

મહાત્મા કહે, મૈં અકેલા નહીં હું - યે સમુદ્ર મૈંને કભી એક હી રૂપ મેં નહીં દેખા યે હરપલ રૂપ બદલતા હૈ. યે રેત-પથ્થર-રાસ્તા-પેડ-પૌધે-મીટ્ટી સબ મેરે દોસ્ત-સાથી હૈ. સુબહ સાંજ પંખીઓકી કિલકિલાટ રોજ નયા સંગીત સુનાતી હૈ - રાત કો ચમકતે સિતારે - ચાંદ મેરે મિત્ર હૈ. મૈં અકેલા કહાં હું?

એકાંતને ઓળખવાની આંખ જોઇએ
પ્રકૃતિને પામવાની પાંખ જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

સાહેબ અત્યારે સુંદર અને સુશોભિત દેખાતો આપણો આ પ્રકૃતિ ઉધાનનો વિસ્તાર ત્યારે નદીના કોતરોવાળો ભેંકાર લાગતો અડાબીડ ઝાડી ઝાંખરાઓ વચ્ચે શિયાળ, સસલાં, શાહુડીઓ અને નોળીયા જેવા જાનવરોની સંખ્યા ઘણી હતી, અમે ગામના છોકરાં નવરાં પડતાં જ નદીમાં ધુબકા લગાવવા પહોંચી જતા

'તમે?'

સાહેબ મારું નામ આતાજી ઠાકોર.

કેમ આવવું થયું?

'આપણા પાર્કમાં આંબા છે તેની રોયલ્ટી ભરવા આવ્યો છું. દર વર્ષે તે હું સાચવું છું.'

'પણ આ આંબા તો...'

'સાહેબ અહીં અમારા ખેતરો હતા. ત્યારે અમારા વડવાઓએ આ આંબા વાવ્યા હતા. ત્યારે ગાંધીનગર શહેર પણ ન હતું. અમારું ગામ ઇન્દ્રોડા કાચાં મકાનો અને ઝુંપડાઓ વાળુ નાનકડું ગામડું હતું. ઠાકોર, રાવળ, રબારી અને હરિજન ભાઇઓની થોડી વસ્તી હતી. એક મુસ્લિમ પરિવાર પણ અહીં આવીને વસેલું. ત્યારે મારી તો ઉંમર ઘણી નાની પણ મને થોડું યાદ છે. પાર્કના બોટનિકલ ગાર્ડન અને ડાયનોસોર પાર્ક વિભાગો છે ત્યાં અમારાં ખેતર હતાં. મારા બાપુ ચુંથાજી આ જમીન હળથી ખેડતા. મારા દાદાએ તે સમયે ખેતરમાં છૂટા છવાયા બસોથી વધુ આંબા વાવેલા. દાદાને વૃક્ષો બહુ જ ગમતા. તેમની ઉંમર ત્યારે સાઇઠ વર્ષથી વધુ હશે. છતાં એ મને આંગળીએ વડગાડીને સાથે લઇ આવતા. તે સમયે સાબરમતી નદી બે કાંઠે મેં જોઇ છે. નદીના કોતરો ને ઠીક કરીને જયાં સમતલ જમીન મળી ત્યાં ગામનાં બીજા લોકો પણ ખેતી કરતા.'

'આ આંબાના ફળની હરાજી કરવી પડે. આ આંબા તમારા હતા તેવો કોઇ પુરાવો ખરો?' મેં કહ્યું.

'ના, સાહેબ અત્યારે તો મારી પાસે તેના એવા કોઇ લેખિત પુરાવા કે દસ્તાવેજ નથી. પણ મારાં એ સ્મરણમાં છે ગાંધીનગર શહેર વસાવવા માટે સરકાર દ્વારા આ જમીનો એકવાયર કરવામાં આવી ત્યારે પણ મારી ઉંમર તો નાની, જમીનનું બહુ નજીવું વળતર મારા બાપાને મળેલું. પણ તે વખતે જે અધિકારી હતા તેમણે કહેલું કે તમારા વડવાઓ એ આ આંબા વાવેલા છે. તો તેના ફળની રોયલ્ટી ભરવાથી ફળ તમને મળી શકે. તેથી મારા પિતા ચુંથાજી સાથે થયેલ મૌખિક સમજુતી અનુસાર જે આંબામાં ફળ આવે તેની રોયલ્ટી ભરી અમે એ આંબા સાચવતા અને તેનાં ફળ ઉતારી લેતા.'



'તો તમારું એમ કહેવું છે કે આ આંબાની માલિકી તમારી છે?'

'ના સાહેબ, જમીન સરકારમાં ગઇ એટલે આંબાની માલિકી તો અમારી કયાંથી કહેવાય. પણ આ ફળનો હક્ક મેં તમને વાત કરી એ રીતે અમને મળ્યો છે તેથી રોયલ્ટી ભરીને ફળ ઉતારીએ છીએ.'

'પણ એ ફળનો હક્ક હવે તમને કંઇ રીતે મળે તમારી પાસે કોઇ પુરાવા તો છે જ નહીં.'

'સાહેબ, મારા દાદા અને બાપા તો રહ્યા નથી. તેથી પુરાવા બીજા તો કોઇ આપી શકું એમ નથી પણ જુઓ આ મારા માથામાં પડેલી ટાલ અને આ હથેળીઓમાં પડેલાં છાલા તેને પુરાવા તરીકે સ્વીકારી શકતા હો તો તમારી નજર સમક્ષ છે કહેતાં આતાજીની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યા.'

'આતાજી બેસો, હું તમારી લાગણી સમજી શકું છું.'

'તો... તો... સાહેબ તમારો ખુબ ખુબ આભાર, સાહેબ તમે જુઓ જ છો નહીં નદી અહીંથી કેટલી દૂર છે. મારા દાદાએ માથે ઘડો ઊંચકીને ઉનાળાનાં આકરા તાપમાં આ આંબાઓને પાણી સીંચ્યું છે હું પણ નાની મટકી લઇને તેમની સાથે નદીએથી પાણી ભરીને લાવતો અને આંબાઓને પીવડાવતો. મારા બાપુ તેનાં ખામણાં બનાવતા અને ગોડકામ કરતા. કોદાળી અને પાવડો લઇને હું પણ મારા નાનકડા નાજુક હાથથી તેમને મદદ કરવાની કોશિષ કરતો.'

આત્મારામ તેમનું નામ પણ ગામમાં બધા એને આતાજી તરીકે જ ઓળખે ભરાવદાર શરીર લાંબી ચાળ વાળું ખાખી ખમીશ. અને સફેદ ધોતીયું તેમનો પહેરવેશ. વાત કરતાં કરતાં એ ભૂતકાળમાં સરી પડ્યા હતા. મને પણ એમની વાતમાં રસ પડવા લાગ્યો તો એટલે હું ઓફીસના આંગણામાં ખુરશીમાં બેઠો બેઠો તેમની વાતો સાંભળતો હતો. આંબા ઉપર કોયલ ટહુકતી હતી. તે આતાજીની વાતની સાક્ષી પુરતી હતી. તો દૈયડ, કાળો કોશી અને બુલબુલ તેમાં હોંકારો ભરતાં હોય તેમ કલરવ કરતાં હતો. પીળક, કબુતર, હોલા, કાકડીયો કુંભાર, મોર અને ઢેલ આજુબાજુ ઉડાઉડ કરતાં દેખાતા હતા.

'સાહેબ અત્યારે સુંદર અને સુશોભિત દેખાતો આપણો આ પ્રકૃતિ ઉધાનનો વિસ્તાર ત્યારે નદીના કોતરોવાળો ભેંકાર લાગતો અડાબીડ ઝાડી ઝાંખરાઓ વચ્ચે શિયાળ, સસલાં, શાહુડીઓ અને નોળીયા જેવા જાનવરોની સંખ્યા ઘણી હતી. અમે ગામના છોકરાં નવરાં પડતાં જ નદીમાં ધુબકા લગાવવા પહોંચી જતા. સાબરમતી એ સમયે બે કાંઠે વહેતી અમે જોઇ છે. નદીના સૌંદર્યનું એ દૃશ્ય હજુ એ મારી આંખોમાં છવાયેલું છે. ત્યારે શિયાળામાં પાણીના પંખીઓ પણ આવતાં પેલીકન, કાંકણસાર, હંજ, કુંજ, કેટલીક બતકો અને જાતજાતના બગલાઓ પણ આવતા.'

'તો એ સમયે પક્ષીઓનો શિકાર પણ થતો હશે?'

'ના, સાહેબ કારણ અમારા ગામમાં જે ખેડૂતવર્ગ હતો એ હિંદુ સંસ્કૃતિ અને સંસ્કારોથી ઘડાયેલો હતો. અહીં કિલ્લા પાસે જે ઇન્દ્રાણી માતાનું મંદિર છે તે માતાજી ઉપર સૌની ખુબ શ્રધ્ધા. છતાં હા કેટલાક બહારથી શિકારીઓ આવતા તેને આ ગામના લોકો ભગાડી મુકતા. કોતરોમાં સસલાનો શિકાર કરવા આવનારા મૈંટાને જોઇ જઇએ તો તરત જ તોડીને ફેંકી દેતાં અને શિકારીઓને ભગાડી મૂકતા.'

'એમ વાત છે' મેં કહ્યું.

'હા સાહેબ મને યાદ છે એક વખત એવું બનેલું કે સાંજના સમયે અજાણ્યા કોઇ વાઘરી કે છારા કોમના લોકો આ કોતરોમાં શાહુડીનો શિકાર કરવા આવેલા. તેમણે શાહુડીની બખોલોમાં કાંટા ભરી દઇને સળગાવેલા જેથી ધુમાડો થાય અને આગની ગરમી લાગતાં શાહુડીઓ બહાર નીકળે. પણ એ લોકો તેમના એ કામમાં સફળ થાય તે પહેલાં ગામના જવાનીયાઓને ખબર પડી ગઇ. બધા ભેગા થઇ ધોકાવાળી કરીને એ લોકોને ભગાડી મુકેલા. તેથી આજે પણ આપણા આ કોતરોમાં શાહુડીઓની સંખ્યા સારી એવી છે. તે ઘણી વખત બોટનિકલ ગાર્ડનની કંટ વાળી વનસ્પતિ ખાઇ જાય છે અને લીમડાની છાલો કોતરીને ખાય છે એ તો તમે જોઇ જ હશે.'

'હાં, આતાજી તમારી વાત સાચી છે, તો પછી નદી કિનારે આ નીલગીરીઓ કયાંથી આવી?'

સાહેબ, એ વાત પણ પચાસ વર્ષ જુની છે. જયારે ગાંધીનગર વસવા લાગ્યું ત્યારે જંગલખાતુ અહીં આવ્યું. એ પહેલાં પણ હશે પણ અમને તેની ખબર નહીં. હાલમાં આપણી કેમ્પ સાઇડ છે ત્યાં એ લોકો એ નર્સરી, બનાવેલી. નીલગીરી, કાશીદ, લીમડા, આંબલી, બાવળ, ગરમાળા, સીમળા, અરડુસા અને કણજી જેવા રોપાઓ તેમાં ઉછેરવામાં આવતા. અમારા ગામના બીજા કેટલાક લોકોની સાથે સાથે હું પણ એ નર્સરીમાં કામ કરવા જતો. ખાખી કપડાં પહેરતાં જંગલ ખાતાના એ સાહેબો બહુ કડપ વાળા હતા. પણ તેમની પાસેથી શિખવાનું ઘણું મળેલું.

'નર્સરી માટે પાણી કયાંથી આવતું નદી તો ખાસ્સી દૂર છે.' મેં પુછેલું.

'હાં, નદી દૂર છે છતાં પહેલાં તો નદીએથી જ પાણી લાવીને રોપાઓ ઉછેરતા પણ પછી કડાણા બંધ બની જતાં નદીમાં પાણી આવવાનું ઓછું થયું એટલે હાલમાં જયાં કેમ્પ સાઇડમાં સ્ટેજ બનાવી છોકરાઓ બેસાડે છે તેની પૂર્વ બાજુએ એક કુવો ખોદાવેલો. તેના પાણીના સંગ્રહ માટેની ટાંકી પણ બનાવેલી આજે પણ એ ટાંકી સ્ટેજની ભીંત પાસે જોઇ શકાય છે.'

'ઓહ, તો એમ વાત છે. હું તો વિચારતો હતો, કે આ ટાંકી અહીં કોણે અને શા માટે બનાવી હશે. તમે કહ્યું ત્યારે હવે ખબર પડી.' મને આતાજીની વાતમાં રસ પડેલો અને આજે એ પણ ભૂતકાળમાં સરી પડવા સાથે બહુ જ ખીલ્યા હતા.

જીવનને સતત પ્રવૃત્તિમય રાખવું તે જ જીવનની ખરી સફળતા છે તે તેમનાં જીવન પરથી લઈ શકાય તેવો બોધપાઠ છે

લતાબેન પિલોજપરા મોંઘેરા મોતી

- નટવર આહલપરા



પિતાશ્રી વ્રજલાલભાઈ વાલંભીયા અને માતુશ્રી જયાબેનના પરિવારમાં જન્મેલા લતાબેનનો જન્મ તા. ૩-૯-૫૮નાં રોજ રાજકોટ મુકામે થયો છે. પિતાશ્રી વ્રજલાલભાઈ પૂર્ણરૂપે ગાંધીવાદી વિચારસરણીથી રંગાયેલા. સાદગીસભર નીતિમત્તાથી જીવનનિર્વાહ કરે. રાષ્ટ્રીય શાળામાં સુતારીકામ કરે તેમજ મશીનરીના પેટર્ન કામ કરી જીવનનિર્વાહ કરે. ભજનાવલીના ભજન જ તેમનું ભોજન. નિરમિતતાના આગ્રહી હોવાથી બાળકોમાં તે સંસ્કાર જોવા મળે. તેમના સંતાન પરિવારમાં પાંચ દીકરીઓ અને એક દીકરો. તેમાં લતાબેન ચોથા નંબરના સંતાન. પણ લતાબેનના જીવનનું ઘડતર તેમના માતુશ્રી જયાબેને અને નાના-નાનીએ કર્યું. વાંચન, વકતૃત્વ, અભિનય, અધ્યાત્મ વગેરે પ્રબળ સંસ્કારો તેથી લતાબેનના જીવન સાથે વણાયેલા જોવા મળે છે.

લતાબેન એસ.એસ.સી. પાસ થયા ત્યારબાદ મોરબી સાયન્સ કૉલેજમાં જોડાયા અને પ્રથમવર્ગ એફ.વાય. સાયન્સનું કરીને કોઈને પણ પૂછ્યા વગર અભ્યાસ અધૂરો મૂકી દીધો. અભ્યાસકાળ દરમિયાન વાચનનો શોખ વિકસ્યો. ગરબા, નાટક વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લઈને નંબર પણ મેળવે. વકૃતત્વ સ્પર્ધામાં પણ પાવરધા એટલે જિલ્લા લેવલ સુધી નંબર લાવી અખિલ હિન્દ મહિલા પરિષદ ઓલ ગુજરાતમાં પ્રથમ આવ્યા. દહેજ પ્રથા પર પ્રકાશ ફેંકતા એકપાત્રીય અભિનય ખૂબ પ્રશંસા પામ્યો. આ અંગે ૧૯૭૭માં ગુજરાતના ઘણા જ ન્યૂઝપેપર્સમાં ફોટા સાથે પ્રેસનોટ પ્રગટ થઈ અને સુંદર અભિનય બદલ અનેકોએ લતાબેનને ધન્યવાદ આપ્યા.

તેમના પરિવારને અને ખાસ કરીને લતાબેનને ગાંધીવિચાર અને ગાંધીજી પ્રત્યે અનહદ પ્રેમ. ૧૯૭૫ની સાલે જેસીસ દ્વારા સિનિયર સિટીઝન વકતૃત્વ સ્પર્ધા વેળાએ ગાંધીજીના પૌત્ર, જમાઈને જોઈને ગાંધીજી વિષે જાણવાની અંતરની અદમ્ય ઈચ્છા હતી અને કુંવરજી દાદા મળવાથી અનહદ આનંદ થયો. દાદાજી પાસે દરરોજ કલાકો વિતાવવા. ગાંધી સાહિત્ય, ગાંધીજીના હસ્તાક્ષરના પત્રો વગેરે ઘણો ખજાનો જોવા મળ્યો. એ સમયે સ્વામિ વિવેકાનંદનું પણ ગણું સાહિત્ય વાંચ્યું.

૧૯૭૮ની સાલે લતાબેનનાં લગ્ન નિખીલ પિલોજપરા સાથે થયા. પોતાના લગ્નજીવન વિશે લતાબેન કહે છે કે પતિ અને કુટુંબનો પ્રેમ અને સાથસહકાર ખૂબ મળ્યો. તેઓ જણાવે છે કે પતિનો પ્રેમ ભર્યો સાથ હોય તો સ્ત્રી ગમે તેવા વાતાવરણમાં કે કઠિન - પરિસ્થિતિમાંથી પસાર થઈ ઊંચે ઉડ્ડયન કરી શકે છે તેવું મારા જીવનમાં બન્યું.

લતાબેનને વાચનનો ખૂબ શોખ એટલે પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીનાં પુસ્તકો વાંચી તેમના કાર્યથી આકર્ષાઈને સ્વાધ્યાય પ્રવૃત્તિમાં જોડાયા. કુટુંબની ફરજ બજાવતા રહીને સતત સત્તાવીશ વર્ષ સુધી સ્વાધ્યાય પ્રવૃત્તિમાં કાર્તરત રહ્યા. પૂજ્ય દાદાના સાંનિધ્યથી અદ્‌ભૂત જીવનઘડતર થયું. આ કાર્યની છ વર્ષની બધી જ પરીક્ષા આપી પારંગત થયા.

તેમના સંતાનોમાં બે પુત્રી જિજ્ઞાસા અને પૂજા. એક પુત્ર નામે હાર્દિક છે. બધા ભણી ગણીને પરણીને જીવનમાં સેટ થઈ ગયા છે. બંને દીકરીઓ પણ પરણી ગઈ છે. પરંતુ પૂજ્ય દાદાના વિચારોની ઊંડી અસર લોહીમાં વણાઈ ગઈ છે. આમ થવાથી બપોરના સમયે જીવનવિકાસ માટે નિઃસ્વાર્થ કાર્ય કરવાની ટેવે લતાબેનને જંપવા દીધા નથી. તા. ૧૯-૬-૨૦૦૯ના રોજ પતિના જન્મ દિવસે ઉષાબેન બાપોસીયા સાથે અંધ મહિલા વિકાસગૃહમાં દીકરીઓને ભણાવવાના કાર્યમાં જોડાયા અને એ રીતે જન્મદિવસ પર અંધમહિલાઓની સેવાનો આનંદ લીધો.

લતાબેને ગજ્જર સોશ્યલ મહિલા સમિતિમાં સતત ૨૨ વર્ષ સેવા આપી. તેની સલાહકાર સમિતિમાં ત્રણ વર્ષ સેવા આપી.

ગુર્જર સુતાર જ્ઞાતિના બહેનોના ઉત્સર્ષ માટે ઉત્પલાબેન, જયોત્સના બેન, ઈલાબેન સાથે રહી ગજ્જર સખી વૃંદની સ્થાપના કરી. આ સંસ્થામાં બે વર્ષ પ્રમુખ અને મંત્રી તરીકે લતાબેને કાર્યભાર સંભાળ્યો. હાલ સ્થાપક કમિતિ તરીકે કાર્યરત છે. ગજ્જર સખી વૃંદ જ્ઞાતિક્ષેત્રે અનેક પ્રવૃત્તિ કરે છે. સમર ટ્રેનિંગ કલાસ, મહાન વ્યક્તિઓના વકતવ્ય વગેરે જેવા સુંદર અને ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરે છે.

અગ્રગણ્ય જ્ઞાતિજનોના સારા વિચારોને સમાજ સામે મૂકવા તેમજ ગુર્જર સુતાર છાત્રાલય બની રહે તે માટે થતાં પ્રયત્નોમાં સાથસહકાર આપવો. તેને અનુરૂપ હિતેશ સિનરોજા લિખિત નાટક ભણતર-ગણતર-ચણતરને પ્રદર્શિત કરવામાં રસ દાખવીને નાટકમાં ભાગ લઈને લતાબેને અસરકાર રજૂઆત કરેલી. ગ્લોબલ વોર્મિંગની વાતો - પર્યાવરણને પ્રકાશ પાડતું નાટક ભજવેલું.

લતાબેન મંગલમ ગ્રુપમાં ઘણા વર્ષોથી કાર્યરત છે. જે સંસ્થા દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર કરાવી જ્ઞાતિમાં તેમજ દૂરદર્શન સુધી આ કાર્યક્રમોને મૂર્તસ્વરૂપ આપ્યું છે. લતાબેન કહે છે કે સારું જીવન, ઉચ્ચ વિચાર અપનાવી જીવનમાં સમાજમાં આગેકૂચ કરી કર્મ અને ધર્મ વચ્ચે બેલેન્સ રાખી હું જીવનમાં આગળ પ્રસ્થાન કરી રહી છું.

નારીજીવનને ઉજાગર કરતાં લતાબેનનાં જીવનમાં તેમની માતા અને પિતાનો સંસ્કાર વારસો ધબકી રહ્યો છે. કોલેજ જીવનની અધૂરી. આશાઓ તેમના લગ્નજીવન દરમિયાન ભગવાન વિશ્વકર્માએ પૂર્ણ કરી છે અને તેથી જ જ્ઞાતિના સમાજમાં અને સખીવૃંદમાં આજે વર્તમાન સમયે પણ તેમની ચાહના જળવાઈ રહી છે. જીવનને સતત ધબકતું અને પ્રવૃત્તિમય રાખવા તેમણે સ્વાધ્યાય પ્રવૃત્તિઓનો સહારો લીધો છે અને ગીતાસંદેશ પ્રમાણએ કર્યમોગને જીવનમાં અપનાવ્યો છે. જે કર્મયોગની પ્રવૃત્તિને સ્વાધ્યાય દ્વારા વેગ મળે છે. અભિનયકલા તો તેમનામાં કૉલેજકાળથી જોવા મળે છે જેની નોંધ આપણે આગળ કરી છે તે અભિનય આજે પણ કયારેક તેમનાં જીવનમાં પુનઃવેગ પકડે છે. લતાબેન રાજકોટ મુકામે સક્રિય અગ્રણી મહિલા છે જે મહિલાનાં જીવન પરથી જ્ઞાતિની યુવાપેઢીને ઘણું શીખવા મળે તેમ છે. જીવનને સતત પ્રવૃત્તિમય રાખવું તે જ જીવનની ખરી સફળથા છે તે તેમનાં જીવન પરથી લઈ શકાય તેવો બોધપાથ છે. તેમને અનેક શુભેચ્છાઓ.

માણસની જરૂરિયાતોને સંતોષવાની તાકાત પ્રકૃતિમાં છે, પણ માણસોના લોભને પોષવાની નહીં : ગાંધીજી

પર્યાવરણ : ચેતનાની એકાત્મ દૃષ્ટિ

- હર્ષદ પ્ર. શાહ

પર્યાવરણ આ જગત પરનાં સર્વે જીવો માટે અસ્તિત્વના આધારરૂપ છે. આ બ્રહ્માંડમાં પૃથ્વી જ એકમાત્ર એવો ગ્રહ છે જયાં જીવન વિકસ્યું છે. પૃથ્વી પર વિકસેલા જીવનનું કારણ છે અહીનું અનુકૂળ પર્યાવરણ.

પૃથ્વી પર વિકસેલી જીવસૃષ્ટિના ભાગરૂપ મનુષ્યનો પણ વિકાસ થયો ગયો. મનુષ્યના વિકાસનું કારણ એણે ઉપાર્જિત કરેલું જ્ઞાન-વિજ્ઞાન હોઈ શકે. જ્ઞાન મનુષ્યને જીવન જીવવાની દિશા આપે છે, જીવનનું દર્શન પ્રબોધે છે, એનામાં સારાસારનો વિવેક જગાડે છે અને સર્વ જીવો સાથે સહજીવનની વૃત્તિ વિકસાવી સચરાચર જગતને એકાત્મ દૃષ્ટિથી જોતાં શીખવે છે. આમ સાચા અર્થમાં 'જ્ઞાન'ને તપાસીએ તો એ મનુષ્યને વ્યાપક અને ઊર્ધ્વગામી બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો એને આધ્યાત્મિક બનાવે છે. એનું અંતિમ પરિણામ 'આનંદ' કહી શકાય.

જેમ જેમ વિજ્ઞાનની પણ દિશાઓ ખૂલતી ગઈ તેમ તેમ મનુષ્ય એમાંથી નીપજેલા રહસ્યોથી રોમાંચિત થતો ગયો. એની જ્ઞાનેન્દ્રિયો આ બ્રહ્માંડનાં અને પ્રકૃતિનાં રહસ્યોને પામવામાં વધુ ને વધુ કાર્યરત બનતી ગઈ. આવાં અનેકવિત્ર ક્ષેત્રોના જ્ઞાનને 'વિજ્ઞાન' એવી સંજ્ઞાથી આપણે ઓળખવા લાગ્યા. વિજ્ઞાન વિકસતું ગયું તેમ સુખોપભોગની માત્રા વધતી ગઈ. વિજ્ઞાન તો દૈનંદિન જીવનને પૌષક છે, ડગલે ને પગલે એનો ઉપયોગ છે. પણ માનવે એના સયંમિય ઉપયોગને બદલે અસંયમિત, અમર્યાદિત અને અનિયંત્રિત ઉપભોગ કરવાનું શરૂ કર્યું. મનુષ્યના આવા વ્યવહારથી પીડાઈ રહી છે, ભીંસાઈ રહી છે અને એક સમય એવો આવી શકે જયારે પ્રકૃતિ ગુસ્સે ભરાઈને મનુષ્યને સબક શીખવાડે.

પ્રકૃતિની પ્રકૃતિ છે - સર્જન કરવું, પોષણ કરવું અને નાશ પામવું. ત્રિગુણમયી એવી પ્રવૃત્તિનાં ત્રણેય કાર્યોમાં સંતુલન જળવાય એ જરૂરી છે. પ્રકૃતિનું સંતુલન જળવાશે તો પર્યાવરણ અનુકૂળ બની રહેશે, અન્યથા પ્રતિકુળ. પ્રકૃતિના અસંતુલનથી પર્યાવરણ વિકૃત અને પ્રદૂષિત થશે. એ થઈ જ રહ્યું છે અને એથી માનવ અને સમસ્ત જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે મોટો ભય ઊભો થયો છે. પ્રકૃતિ અનેક રીતે ભયસૂચક સાયરન વગાડે છે પણ માણસને એ સંભળાતું નથી.

ભારતીય જીવનદર્શન, જીવનદૃષ્ટિ અને જીવનશૈલીમાં પર્યાવરણને સમજવાની અને પ્રેમ કરવાની કળાનું સુંદર આયોજન છે. આદિકાળથી ભારતનાં વૃક્ષો, નદીઓ અને પર્વતોને પૂજવાની પરંપરા ચાલતી આવી છે. વટસાવિત્રી અને કડવાચોથ જેવા તહેવારો જીવન અને પર્યાવરણનો સંબંધ ઘનિષ્ઠ અને આત્મીય બનાવે છે. તુલસી, પીપળો, વડ, આમળા અને ખીજડો જેવા અનેક છોડ-વૃક્ષોની પૂજા ભારતીય જીવનશૈલીનું અભિન્ન અંગ છે. સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત પૃથ્વી, જળ, તેજ (અગ્નિ), વાયુ અને આકાશ - એવા પંચમહાભૂતોને પણ આપણે ઈશ્વરનું રૂપ માનીએ છીએ.

શ્રીમદ્ ભગવદગીતાના દસમાં અધ્યાયમાં ૨૧ થી ૩૧ ક્રમનાં શ્લોકોમાં શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્‌બોધીને કહ્યું છે,

''જયોતિમાં સૂર્ય, નક્ષત્રોમાં ચંદ્ર, પર્વતોમાં સુમેરુ પર્વત, જળાશયોમાં સમુદ્ર, વૃક્ષોમાં પીપળો, ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, હાથીઓમાં ઐરાવત, ગાયોમાં કામધેનું, સર્પોમાં વાસુકિ, નાગોમાં શેષનાગ, જલચરોમાં અધિપતિ વરૂણ દેવતા, પશુઓમાં મૃગરાજસિંહ, પક્ષીઓમાં ગરૂડ, માછલીઓમાં મગર અને નદીઓમાં ભાગીરથી હું છું.''

આમ પ્રકૃતિમાં સર્વત્ર દેવતાનો વાસ માનીને પૂજા કરવાની પ્રજા ભારતીય જીવનશૈલીમાં છે. મત્સ્યાવતાર, વરાહ અવતાર, કચ્છપ અવતાર, નૃસિંહ અવતાર જેવા અવતારોનું પ્રગટ થવું એ પણ પ્રકૃતિ સાથેનું તાદાત્મય સૂચવે છે. આ અવતારોનું ધારણ થવું એ પણ સૂચવે છે કે જલચર, થલચર જીવોમાં દેવતાઓનો નિવાસ છે અને તેઓ સાંસ્કૃતિક પરિવેશમાં ઉત્પન્ન અશુદ્ધ પર્યાવરણને શુદ્ધ કરવામાં અસાંસ્કૃતિક વ્યવહાર કરનારાઓનો નાશ કરીને માનવની સહાયતા કરે છે.

માનવ અને પશુ-પંખીની સંવેદના તો સમજી શકાય છે, અનુભવી શકાય છે પણ પ્રકૃતિની સંવેદનાને સમજવી બહુ મુશ્કેલ છે.

ગૌરાંગ ઠાકર કરે છે -

''વૃક્ષ પહેલાં મૂળથી છેદાય છે,
એ પછીથી બારણું થઈ જાય છે.''

ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરતી પ્રકૃતિમાં ઈશ્વરના તમામ ગુણો છે. આવશ્યકતા છે માત્ર તેનો સાક્ષાત્કાર કરવા માટેની દૃષ્ટિની.

પ્રકૃતિની દરેક હિલચાલમાં ચૈતન્ય, છે,એની અનુભૂતિ કરીએ. પ્રકૃતિ ઈશ્વરનું સંગીત છે, એને સાંભળવા કાન સરવા કરીએ. પ્રકૃતિ સુંદરતાનો ખજાનો છે, એને નીરખવા આંખો ખોલીએ.

પ્રકૃતિની સુંદરતાને કિરણ ચૌહાણ નામના ગઝલકાર આ રીતે વર્ણવે છે -

''બંધ ઘરની ઉદાસીઓ બધી પી જાય છે,
એક કોયલ આંગણામાં રોજ ટહુકી જાય છે.''

પ્રકૃતિની સાથે વાતો કરનાર મહર્ષિ ચરક જેવા આજે પણ કોઈ પાકે તો?

પ્રકૃતિની સંવેદના - વેદના સમજવા.... પલાશની છાલ ઉતારતાં એ પલાશવૃક્ષનું દુઃખ સમજવા પોતાની જાંઘની ચામડી ઉતારનાર બાળક (સંત) નામદેવ જેવા બાળકો આજેય જન્મે તો?

એક લાખ બીલીપત્રો ચડાવી પોતાની છબીની પૂજા કરતા ઈચ્છતી સ્ત્રીને પોતાના શરીર પર એક લાખ ચોંટિયા ભરી જોવા જણાવતા રમણ મહર્ષિ જેવા પ્રકૃતિપૂજક આજે ફરીથી મળે તો?

આવું થાય તો પ્રકૃતિ બચે, એમાં વિકૃતિ આવતી અટકે.

પ્રકૃતિ તો પરમાત્માની અભિવ્યક્તિ છે. એ માનવની અનિવાર્ય આવશ્યકતા છે. પ્રકૃતિનો સ્વભાવ આપવાનો છે, માનવવો સ્વભાવ લેવાનો. માનવ અને જીવમાત્રના અસ્તિત્વનો આધાર પ્રકૃતિ છે. માનવે જરાક વિજ્ઞાન શું શોધ્યું ને અહંકારી બની ગયો!

પ્રકૃતિએ હવા આપી, મનુષ્યએ એનું પૃથ્થકરણ કરી ઓક્સિજનના બાટલા બનાવ્યા. પ્રકૃતિએ પાણી આપ્યું, મનુષ્યએ એમાંથી હેવી વોટર બનાવી એનો વિનાશક એવી અણુશક્તિમાં ઉપયોગ કરવા માંડ્યો. પ્રકૃતિએ અન્ન આપ્યું, મનુષ્યએ એને 'ફાસ્ટ ફૂડ'નું વિકૃત રૂપ આપી આકર્ષક ખોખામાં લપેટ્યું!

(અનુસંધાન પાના નં. ૬ પર)